## ચીખલી, ખેરગામ અને વાંસદામાં પણ ભાજપે બહુમતી મેળવીને સમગ્ર જિલ્લામાં રાજકીય નકશો 'કેસરીયો' બનાવી દીધો

# નવસારીમાં 'કમળ'ની સુનામી: 2021નું પુનરાવર્તન

**મનપાની** ચૂંટણીમાં ભાજપે 52માંથી 50 બેઠકો ઝૂંટવીને 'પાવર શો' કર્યો

**કોંગ્રેસ** ફક્ત 2 બેઠક સાથે સિમટાઇ ગઈ, ચૂંટણીમાં જાણે હાજરી પૂરતી જ રહી હોય!

**જિલ્લા** પંચાયતથી લઈને તાલુકા પંચાયત સુધી ભાજપે વિરોધીઓને એકપણ તક ન આપી

**નવસારી** તાલુકામાં 16/16 સાથે ક્લીન સ્વીપ, જલાલપોરમાં 20માંથી 18 બેઠક ભાજપના ખાતામાં


### વોર્ડ નં. 1



| જશુબેન રાઠોડ | કેયુરી દેસાઈ | દિપક પટેલ | આશિષ રાખોલીયા |
|---|---|---|---|
| 5400 | 6092 | 5365 | 6374 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 2



| જયા રાઠોડ | કૃતિકા પાટીલ | રમેશ વાળા | અશોક ધોરાજીયા |
|---|---|---|---|
| 5464 | 5622 | 5412 | 6273 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 3



| રેખા સાંડીસ | હર્ષિદા ભાવસાર | મેવા ચૌધરી | દિવ્યકાંત પનારા |
|---|---|---|---|
| 5208 | 5267 | 5320 | 5868 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 4



| કલ્પના કહાર | આસીફ બરોડાવાલા | પ્રભા વલસાડિયા | પ્રકાશ હળપતિ |
|---|---|---|---|
| 4020 | 4306 | 3931 | 3927 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 5



| સંગીતા રાઠોડ | મીનાક્ષી નાયક | પરિમલ ટંડેલ | મુકેશ અગ્રવાલ |
|---|---|---|---|
| 6076 | 6584 | 7009 | 6014 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 6



| રીટા પટેલ | ઉર્વી શાહ | વિરેન્દ્ર પટેલ | બિપિન ટીમ્મર |
|---|---|---|---|
| 4998 | 5403 | 4725 | 5032 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

નવસારી : નવસારીની ધરતી પર ફરી એકવાર રાજકીય તોફાન ફૂંકાયું છે અને આ તોફાનનું નામ છે ભારતીય જનતા પાર્ટી. 2021માં જે દબદબો જોવા મળ્યો હતો, એ જ દ્રશ્ય ફરી ઉભું થયું છે, પણ આ વખતે વધુ જોરદાર રીતે. મતદાનના મેદાનમાં ભાજપે એવી ગેમ રમી કે વિરોધ પક્ષો માટે એકપણ રસ્તો ખુલ્લો રહ્યો નહીં.

પ્રથમ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે 52માંથી 50 બેઠકો ઝૂંટવીને 'પાવર શો' કર્યો છે. જ્યારે કોંગ્રેસ ફક્ત 2 બેઠકો સાથે સિમટાઇ ગઈ. જાણે ચૂંટણીમાં હાજરી પૂરતી જ રહી હોય! આ પરિણામો સ્પષ્ટ કરે છે કે નવસારીમાં હવે રાજકીય હવા નહીં, પણ 'ભાજપની આંધી' ફૂંકાઈ રહી છે.

જિલ્લા પંચાયતથી લઈને તાલુકા પંચાયત સુધી ભાજપે વિરોધીઓને એકપણ તક ન આપી. નવસારી તાલુકામાં 16/16 સાથે ક્લીન સ્વીપ, જલાલપોરમાં 20માંથી 18, ગણદેવીમાં 24માંથી 23 અને નગરપાલિકામાં તમામ બેઠકો ભાજપના ખાતામાં, આ માત્ર આંકડા નથી, પરંતુ સંપૂર્ણ પ્રભુત્વનો જાહેરનામો છે. ચીખલી, ખેરગામ અને વાંસદા જેવા વિસ્તારોમાં પણ ભાજપે બહુમતી મેળવીને સમગ્ર જિલ્લામાં રાજકીય નકશો 'કેસરીયો' બનાવી દીધો છે.

### ચૂંટણી નહીં, 'ચાણક્ય નીતિ'નો પ્રયોગ

આ જીત પાછળ માત્ર લોકપ્રિયતા નહીં, પણ ઘડાયેલું સ્ટ્રેટેજિક પ્લાનિંગ છે. બૂથ લેવલથી શરૂ થયેલું માઇક્રો મેનેજમેન્ટ, કાર્યકર્તાઓની ચોક્કસ ગોઠવણ અને નેતૃત્વની ધારદાર દિશા – આ બધાએ ચૂંટણીને 'વન-સાઈડેડ કન્ટેસ્ટ'માં ફેરવી દીધી. ખાસ કરીને સી.આર.પાટીલની સંગઠન કળા અને ગેમપ્લાને આખા કેમ્પેઈનને એન્જિન આપી દીધું હતુ.


### કાર્યકર્તાઓ: ભાજપની સાચી શક્તિ

ભાજપની આ ભવ્ય જીત પાછળનો સૌથી મોટો હીરો છે તેનો કાર્યકર્તા વર્ગ. પેજ પ્રમુખથી બૂથ પ્રમુખ સુધીના સૈનિકોએ ઘરની બારી ખખડાવી, સરકારની યોજનાઓ સમજાવી અને મતદારોને સીધો સ્પર્શ કર્યો. આ જ 'ગ્રાઉન્ડ કનેક્ટ' ભાજપ માટે ગેમચેન્જર બન્યો.

### વોર્ડ 4: નાની દરાર, પણ કિલ્લો અખંડ

આ પ્રચંડ લહેર વચ્ચે વોર્ડ નંબર 4માં ભાજપને બે બેઠક ગુમાવવી પડી અને કોંગ્રેસે 2 બેઠકો મેળવી થોડું 'ઓક્સિજન' મેળવ્યું. પરંતુ આ નાનો ઝટકો ભાજપના વિશાળ વિજય સામે અતિસામાન્ય સાબિત થયો.


### વોર્ડ નં. 7



| મિલી દેસાઈ | રોશની મિસ્ત્રી | રાકેશ પટેલ | રૂપેશ શાહ |
|---|---|---|---|
| 5096 | 4868 | 5137 | 5068 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 13



| મધુ પટેલ | માધવી શેઠ | વિજય રાઠોડ | ભાવિન નાયક |
|---|---|---|---|
| 7299 | 6878 | 7255 | 7889 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 12



| પ્રિયંકા પટેલ | જોમા ભરવાડ | રાકેશ પટેલ | રોશન વાલવાણી |
|---|---|---|---|
| 6698 | 6772 | 6765 | 6479 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 11



| દિલીપસિંહ ભદોરિયા | પરેશ ભારતીય | હિરલ રાજપૂત | આરતી ભરવાડ |
|---|---|---|---|
| 3482 | 2865 | 2927 | બિનહરીફ |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 10



| કિરણ બલ્લા | સુનીલ પાટીલ | રેખા ગીરાશે | સુનિલ લાંજેવાર |
|---|---|---|---|
| 3540 | 3403 | 3352 | 3339 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 9



| ભારતી પટેલ | જુલી લાખાણી | જયેશ રાઠોડ | ધર્મેશ પટેલ |
|---|---|---|---|
| 6326 | 6792 | 7034 | 6984 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 8



| જ્યોત્સના પ્રજાપતિ | નીતુ શાહ | નરેશ પુરોહિત | ઉર્વીશ દેસાઈ |
|---|---|---|---|
| બિનહરીફ | 7034 | 4309 | 4767 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ 6માં થ્રિલર ટક્કર: માત્ર 3 મતથી પલટાઇ બાજી!

નવસારી : જ્યાં સમગ્ર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ વિજય રહ્યો, ત્યાં વોર્ડ નંબર 6એ ચૂંટણીને રોમાંચની ચરમસીમાએ પહોંચાડી દીધી. અહીં જીત-હારનો ફર્ક એટલો નાનો રહ્યો કે આખી ચૂંટણીનું સૌથી ટક્કરભર્યું અને ચર્ચાસ્પદ પરિણામ બની ગયું હતુ. કોંગ્રેસના ઉમેદવાર પિયુષ ઢીમર ફક્ત 3 મતોથી પરાજિત થતા જીત હાથમાંથી સરકી ગઈ. બીજી તરફ ભાજપના ઉમેદવાર બીપીન ઢીમરે આ જ નજીવા અંતરે વિજય મેળવી બેઠક કબજે કરી લીધી હતી. આ મુકાબલો અંતિમ ક્ષણ સુધી 'નેલ-બાઇટિંગ' રહ્યો. દરેક રાઉન્ડ સાથે તણાવ વધતો ગયો અને આખરે માત્ર ત્રણ મતોએ રાજકીય દિશા નક્કી કરી દીધી હતી.

## ચીખલી તાલુકા-જિ.પં.ની બેઠકો ઉપર ભાજપનો ભગવો

**તાલુકા** પંચાયતની ૨૫ બેઠક ઉપર જ્યારે જિલ્લા પંચાયતની આઠ બેઠક કબ્જે કરી

ઘેજ : ચીખલી તાલુકા પંચાયતની ૨૮ પૈકી પાંચ બેઠક અને જિલ્લા પંચાયતની આઠ બેઠકો પૈકી ત્રણ બેઠકો ભાજપ પહેલીથી જ બિનહરીફ થઇ હતી. મંગળવારે શરૂ થયેલી મત ગણતરીના અંતે ચીખલી તાલુકા પંચાયતની ૨૩-બેઠકો પૈકી ૨૦-બેઠકો અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાતા ફરી એકવાર કોંગ્રેસે વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે.

તાલુકા પંચાયતની ૨૩-બેઠકો પૈકી ૨૦ બેઠકો અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો ઉપર ભાજપે ફરી એકવાર ભગવો લહેરાવ્યો હતો. જિલ્લા પંચાયતની કુલ આઠ બેઠકોમાંથી ભાજપે આઠે આઠ બેઠક કબ્જે કરીને ક્લીન સ્વીપ કરતા કેબિનેટ મંત્રી નરેશ પટેલ, ડો.અમીતા પટેલ, અશ્વિન પટેલ, ધર્મેશ પટેલ-ઘેજ, તાલુકા ભાજપ પ્રમુખ મયંક પટેલ, મહામંત્રી સમીર પટેલ ઉપરાંત કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફટાકડા ફોડી મીઠાઇ ખવડાવી ચૂંટાયેલા સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.

### ચીખલી તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારો

આલીપોર - આકાશ પટેલ ભાજપ ૨૬૩૧ મત, આમધરા - રૂપલ પટેલ ભાજપ ૩૨૫૩, બામણવેલ - પદ્મા પટેલ ભાજપ ૩૨૬૨, ચાસા - દક્ષા પટેલ ભાજપ ૧૯૨૭, ચીખલી - સમીર પટેલ ભાજપ (બિનહરીફ), દેગામ - નરેશ પટેલ ભાજપ ૨૭૧૬, ઢોલુમ્બર - હિરલ પટેલ ભાજપ ૨૦૭૯, ફડવેલ - હિરેન આહિર ભાજપ ૨૫૧૬, ઘેજ - દિપ્તીબેન પટેલ ભાજપ ૩૯૪૪, ગોડથલ - મેહુલ આહિર ભાજપ ૨૯૪૩, કાંગવઈ - રશ્મિ પટેલ ભાજપ ૨૪૧૧, ખુંધ - જસ્મીન સોલંકી ભાજપ ૨૭૫૧, કુકેરી - પિંકલ પટેલ ભાજપ ૩૦૧૮, માંડવખડક - ગીતા પટેલ કોંગ્રેસ ૨૨૫૪, નોગામાં - રશ્મિકા પટેલ ભાજપ ૩૧૦૭, પીપલગભણ - જાગૃતિ પટેલ ભાજપ (બિનહરીફ), રાનકુવા - ચેતના પટેલ ભાજપ ૨૮૭૧, રાનવેરી કલ્લા - ભાવના પટેલ ભાજપ ૨૮૭૭, રૂમલા - ઉર્મિલા પટેલ ભાજપ ૪૮૭૧, સાદડવેલ - પાર્વતી પટેલ ભાજપ ૨૮૨૬, સાદકપોર - અનુમતિ પટેલ ભાજપ ૩૨૯૩, સમરોલી - મુકુન્દ પટેલ ભાજપ (બિનહરીફ), સારવણી - હિરલ પટેલ કોંગ્રેસ ૨૯૦૪, સ્યાદા - જયદીપ પટેલ ભાજપ ૨૮૦૪, તલાવચોરા - અશોક હળપતિ ભાજપ (બિનહરીફ), તેજલાવ - તેજસ પટેલ ભાજપ (બિનહરીફ), વંકાલ - ગૌતમ હળપતિ ભાજપ ૪૯૫૧, વાંઝણા - આનંદ પટેલ કોંગ્રેસ ૨૯૬૭ નો સમાવેશ થાય છે.

### ચીખલી જિ.પં.ની આઠ બેઠકના વિજેતા ઉમેદવાર

ઘેજ અમિતા પટેલ ભાજપ (બિનહરીફ), રૂમલા કૌશિક પટેલ ભાજપ (બિનહરીફ), સમરોલી વાસંતી પટેલ ભાજપ (બિનહરીફ), ખૂંધ રમીલા પટેલ ભાજપ ૯૦૯૪, કુકેરી ડો.નેહા પટેલ ભાજપ ૧૧૮૬૨, માંડવખડક ગીતા ગાવીત ભાજપ ૯૧૬૮, સાદકપોર કૌશિકચંદ્ર પટેલ ભાજપ ૯૯૯૬, વાંઝણા નલીન પટેલ ભાજપ ૧૦,૫૦૦ નો સમાવેશ થાય છે.

### ૧-આલીપોર બેઠક ઉપર ૭૯ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન હતું

૧-આલીપોર બેઠક વર્ષોથી કોંગ્રેસનો ગઢ હતી. જેમાં આજે ભાજપ પ્રમુખ મયંક પટેલના નેતૃત્વમાં બેઠક જીતવા આયોજન કરાતા સમરોલીના સંજય પટેલ, થાલાના અફરોઝબેન, આલીપોર સરપંચ નરેશભાઇએ લોકસંપર્ક વધારી ગામના મુસ્લિમ અને આદિવાસી આગેવાનોનો ટેકો રહેતા ગામના તમામ વર્ગોએ વિકાસની રાજનીતિ પર વિશ્વાસ મૂકી ભાજપને આઝાદીના ૭૯-વર્ષે વિજયી બનાવ્યું છે. મતગણતરીના અંતે આકાશ નીતિન પટેલે ૩૦૮ મતે આ બેઠક કબ્જે કરી હતી.

## ખેરગામ તા.પં.ની 16 બેઠકમાંથી 11 પર ભાજપનું વર્ચસ્વ યથાવત

**ગત** વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાએ પરિણામ જાળવી રાખ્યું, માત્ર બેઠકો પર સત્તા ફેરવાઇ



ખેરગામ: ખેરગામ તાલુકા પંચાયતની ચૂંટણી ભાજપે ૧૬ બેઠકમાંથી ૧૧ બેઠક પર કબજો કર્યો છે, જ્યારે વિપક્ષ કોંગ્રેસના ફાળે ૫ બેઠકો આવી છે.

નાંધઇ બેઠક પર ભાજપના પૂર્વેશ ખાંડાવાલા ૨૦૦૫ મત મેળવી સૌથી મોટી સરસાઇ સાથે વિજેતા બન્યા છે. પાણીખડકમાં હંસા દેસાઇ (૧૮૭૦ મત) અને વાડ-૨ માં ચેતન પટેલ (૧૨૨૫ મત) પણ વિજયી રહ્યા છે. ખેરગામના પાંચ વોર્ડ પૈકી ચાર વોર્ડમાં ભાજપનો વિજય થયો છે, જેમાં જિજ્ઞા પટેલ, મુકેશ પટેલ, રશ્મિ ટેલર અને હીના પટેલનો સમાવેશ થાય છે. ડેબરપાડા અને જામનપાડામાં પણ ભાજપે જીત નોંધાવી છે.

બીજી તરફ કોંગ્રેસે પણ પાંચ બેઠક જીતીને પોતાની મજબૂત હાજરી પુરાવી છે. બહેજ બેઠક પર રિમ્પલ પટેલ ૧૬૯૬ મત સાથે વિજેતા બન્યાં છે, જે કોંગ્રેસ માટે મોટી જીત ગણાય છે. આ ઉપરાંત આછવણી-૧માં ગીરીશ પટેલ, ખેરગામ-૫ માં રાજન પટેલ, પાટીમાં કમળા માહલા અને વાડ-૧માં દિગેશ પટેલ વિજયી થયા છે.

### ગત ચૂંટણીમાં પણ ભાજપ ૧૧ અને કોંગ્રેસ ૫ બેઠક જીતી હતી

ખેરગામ તાલુકામાં ગત ચૂંટણીમાં પણ ભાજપ ૧૧ અને કોંગ્રેસ ૫ બેઠક જીતી હતી. જો કે, બેઠકમાં ફેરફાર થયો છે. પાટી બેઠક ગત વર્ષે ભાજપ પાસે હતી. જે કોંગ્રેસે છીનવી લીધી છે. જ્યારે આછવણી એક બેઠક પર કોંગ્રેસે દબદબો કાયમ રાખ્યો છે. આછવણી-૨ બેઠક કોંગ્રેસ પાસેથી ભાજપે કબજે કરી લીધી છે. જ્યારે વાડ 1 બેઠક ઉપર ભાજપ પાસેથી કોગ્રેસે છીનવી હતી.

### જિલ્લા પંચાયતની બેઠક પર કોણ જીત્યું

ખેરગામ જિલ્લા પંચાયત બેઠકની વાત કરીએ તો મોહિની પટેલની 2524ની લીડ સાથે જીત થઈ હતી. આછવણી જિલ્લા પંચાયતની બેઠક પર હેતલ આહીર 1881 મત સાથે વિજેતા થયા હતા.

### બહેજ બેઠકનું પરિણામ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો કેન્દ્ર

ખેરગામ તા.પં. ની બહેજ બેઠક પરથી કોંગ્રેસની ઉમેદવાર રિમ્પલ પટેલે વિજય પ્રાપ્ત કર્યો હતો. આ જીતને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બહેજમાં ગયા કાર્યકાળ દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રાજેશ પટેલ અને જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ભીખુ આહિર જેવા ભાજપના દિગ્ગજ નેતાઓ આ ગામ સાથે જોડાયેલા રહ્યા છે. છતાં પણ, તેમના પોતાના ગામમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. જે સ્થાનિક રાજકારણમાં ચર્ચાનો વિષય બની ગયો છે. સ્થાનિક મતદાતાઓએ આપેલો આ જનાદેશ અનેક અર્થો સૂચવે છે અને આવનારા સમયમાં રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. બહેજ બેઠકનો પરિણામ હાલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો કેન્દ્ર બન્યો છે.

## ગણદેવી તા.પં.માં ગત ટર્મનું પુરાવર્તન

**અગાઉ** ૧૨ બિનહરીફ રહેતા ભાજપે ૨૪ પૈકી ૨૩ બેઠકો હસ્તગત કરી

**એક** માત્ર ઉંડાચ બેઠક ઉપર અપક્ષ સેજલ પટેલનો ૪૩૭ લીડ સાથે વિજય

બીલીમોરા : ગણદેવીમાં સમાવિષ્ટ ૨૪ તાલુકા પંચાયત, ૬ જિલ્લા પંચાયત બેઠકો પૈકી ૫૦ ટકા બેઠકો ભાજપે બિનહરીફ જીતી લીધી હતી. સર સી જે ન્યુ સ્કૂલમાં મંગળવારે ઇવીએમ ખુલતા પરીણામો સામે આવ્યા હતા. જેમાં ભાજપે ફરી એકવાર સત્તા હસ્તગત કરી હતી.

ઇવીએમ ખુલતા ભાજપે ૧૨ તાલુકા પંચાયત પૈકી ૧૧ અને જિલ્લા પંચાયતની ત્રણ પૈકી ત્રણ બેઠકો કબ્જે કરી હતી. એકમાત્ર ઉંડાચ બેઠક ઉપર ભારે અપસેટ સર્જાયો હતો. જેમાં અપક્ષ ઉમેદવાર સેજલકુમાર પટેલે ૨૩૪૮ મતો મેળવી ગામના સરપંચ અને ભાજપનાં ઉમેદવાર વિનોદ પટેલ (૧૯૧૧ મતો) ને હાર આપી હતી. જેને પગલે ભાજપમાં સોપો પડી ગયો હતો.



### ગણદેવી પાલિકાની તમામ ૨૪ સીટો ઉપર ભાજપનો ભગવો

બીલીમોરા : ગણદેવી પાલિકા ભાજપે ફરી કબજે કરી છે. પ્રથમ ૨૪ પૈકી ૨૨ બેઠકો બિનહરીફ જીતીને મંગળવારે જાહેર થયેલી બે સીટના પરિણામો ભાજપ તરફી રહેતા તમામ ૬ વોર્ડની ૨૪ બેઠકો ભાજપે જીતી લીધી છે. ગણદેવી તાલુકો ભાજપનો ગઢ છે. ગત ટર્મમાં ભાજપે ગણદેવી નગરપાલિકામાં ઐતિહાસિક ૨૪ જીત મેળવી હતી એવી જ રીતે આ વખતે પણ પ્રથમ ૨૪ પૈકી ૨૨ બેઠકો તો બિનહરીફ જીતી લીધી જ હતી. જ્યારે બાકી વોર્ડ નંબર ૧ અને ૪ માં પણ ભાજપે જીત મેળવી તમામ સીટો ઉપર ભગવો લહેરાયો છે. જેમાં વોર્ડ નંબર ૧ માં ભાજપના રાજેશભાઇ ઈશ્વરભાઈ પટેલને ૧૦૫૮ મત મળતા તેઓ વિજેતા જાહેર થયા હતા, જ્યારે વોર્ડ નંબર ૪ માં નિલેશ હરિશ્ચંદ્ર શર્માને ૮૫૯ મત મળતા તેઓ પણ જીતેલા જાહેર કરાયા હતા. વોર્ડ નંબર ૧ અને ૨ માં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવનાર જયેશ ઢીમ્મરે પોતાનું નામાંકન છેલ્લે સુધી પરત ન ખેંચતા તેઓ બંને વોર્ડમાં ચૂંટણી લડ્યા હતા. જેમાં વોર્ડ નંબર ૧ મા તેમને ૩૯૭ અને વોર્ડ નં ૪ માં ૬૦૦ મતો મળ્યા હતા. તે સાથે વોર્ડ નં ૧ મા ૨૭ નોટા અને વોર્ડ નં ૪ મા ૨૫ મળી કુલ ૫૨ મતદારોએ નોટાને મત આપ્યા હતા. જ્યારે બંને વોર્ડ મળીને ૩ મતો અમાન્ય નીકળ્યા હતા. આમ ફરી એક વખત ભાજપે ગણદેવી નગરપાલિકામાં પોતાની પકડ મજબૂત કરીને સત્તા હાંસલ કરી છે.

### ગણદેવી તા.પં.ની ૧૧ બેઠકો ઉપર ભાજપની જીત

અમલસાડ- સંગીતા નાયકા ૨૬૩૬ મત, અંભેટા - દિવ્યા પટેલ ૩૦૭૮ મત, ધમડાછા - પ્રિયંકાકુમારી પટેલ ૨૪૨૨ મત, ધનોરી - મનોજ પટેલ ૩૭૪૭ મત, એંધલ - હિતેશ હળપતિ ૩૦૯૫ મત, ગણદેવા - સતિષચંદ્ર કટારીયા -૨૦૩૪ મત, કછોલી - પાર્થિવ નાયક ૨૪૦૮ મત, મટવાડ - પ્રિયા નાયકા ૨૩૪૯ મતો, સાલેજ - પ્રતિક પટેલ ૩૦૧૬ મત, તલોધ વિપુલ પટેલ ૨૩૨૭ મત અને વેગામ- મિરવ નાયક ૨૭૦૧ મત સાથે વિજયી થયા હતા.

### જિ.પં.ની 3 બેઠક પર ભાજપનો વિજય

ગણદેવા - તુષાર પટેલ ૧૪૩૧૫ મત, કછોલી - દેવ્યાની નાયકા ૮૬૮૦ મત અને સરીબુજરંગ બેઠક ઉપર મનીષ પટેલે ૧૦૬૭૭ મત સાથે વિજય મેળવ્યો હતો.

### અપક્ષે સરપંચ-ભાજપનાં ઉમેદવારને હરાવ્યા

ભાજપે ઉંડાચ તાલુકા પંચાયત બેઠક ગુમાવી જેના કારણમાં કાવેરી નદી પૂલને પગલે ગ્રામજનોએ ભોગવેલી હાલાકી, ઉંડાચના સામાન્ય ઉમેદવારને કાપી અન્યને બેઠક ફાળવી દેવાનો રોષ જવાબદાર હતો. આ ઉપરાંત ભાજપનાં ઉમેદવાર અને વર્તમાનમાં સરપંચ વિનોદ પટેલ સામે એન્ટી ઈન્કમ્બંસી કારણભૂત હોવાનું કહેવાય છે.

### વાંસદા તા.પં.ની 16 બેઠક પર ભાજપનો કબજો, 12 કોંગ્રેસના ફાળે

વાંસદા : વાંસદા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે જંગ ખેલાયો હતો, જ્યારે કેટલીક બેઠક પર આમ આદમી પાર્ટીએ પણ ઉમેદવારી નોંધાવી હતી. તા. 28/4/2026 ના રોજ જાહેર થયેલા પરિણામમાં વાંસદા તાલુકા પંચાયતની 28 બેઠકમાંથી 16 બેઠક ભાજપે કબ્જે કરી હતી. અને 12 બેઠક કોંગ્રેસે કબ્જે કરી હતી. તેમજ જિલ્લા પંચાયતની 7 બેઠકમાંથી 4 બેઠક પર ભાજપે વિજય મેળવ્યો હતો, જ્યારે 3 બેઠક પર કોંગ્રેસનો વિજય થયો હતો. બંને પાર્ટીના વિજેતા ઉમેદવારોએ પોતાના કાર્યકરો સાથે રેલી યોજી ઉજવણી કરી હતી.

**જિ.પં. ની 4 બેઠક ભાજપ અને 3 બેઠક પર કોંગ્રેસે વિજય મેળવ્યો**